**ફો. કે. નં. ૩૩૧૯/૧૯૮૮**

**<u>:: આંક ૧ લગત હુકમ ::</u>**

એ.પી.પી.શ્રી ની આંક–૨૭ ની પુરસીસ તથા જીલ્લા કલેકટર શ્રી, રાજકોટના આદેશ નાં. જે–એકસ–ડોરમેન્ટ કેસ –ફા.નં. ૨૭/૨૦૨૨, તા.૧૨–૮–૨૦૨૨ નો ધ્યાને લીધો. રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસોની બજવણી થઈ શકતી નથી. અમા પ્રસ્તુત કેસ ઘણો જુનો છે. જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા કેસોના ભરાવાનુ ભારણ ઓછુ થાય તો ઈફિકટીવ કેસો તરફ વધુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવી વાજબી અને ન્યાયોચીત જણાઈ છે. આ સંજોગોમા ન્યાયના હીતમાં ફો. કાર્યરીતી કલમ –૩૨૧ અન્વયે આ કેસ પરત ખેચવા એ. પી.પી. શ્રી ને પરવાનગી આપવામાં આવે છે. અને આ કેસમા પુરાવો નોંધાયેલ ન હોય, આરોપીને બીનતહોમત છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

નાશપાત્ર મુદામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવો.

જો રોકડ મુદામાલ હોય તો શ્રી સરકાર ખાતે જમા કરાવવા.

હુકમ આજ રોજ લોક અદાલત માં જાહેર કર્યો.

સ્થળ :રાજકોટ.
તા.૧૩/૮/૨૦૨૨

( શીતલ વેંકટેશન મુદલીયાર )
જયુ.મેજી.ફ.ક.(મેઈન) રાજકોટ.
કોડ નં. જી.જે.૦૧૨૧૭